# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

## ગુજકેટ – ૨૦૨૫ની પરીક્ષાની તારીખ પ્રસિધ્ધ કરવા બાબત

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૧૯/૧૧/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૧૨-સ થી લેવામાં આવેલ નિર્ણય અનુસાર ધો.૧૨ (૧૦+૨ તરાહ) વિજ્ઞાન પ્રવાહ પછીની ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે વર્ષ-૨૦૧૭ થી કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ પરીક્ષા ફરજીયાત કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવ મુજબ વર્ષ-૨૦૨૫ માટે રાજ્યમાં ડિગ્રી એન્જિનીયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાનપ્રવાહના ગ્રુપ-એ, ગ્રુપ-બી અને ગ્રુપ-એ.બી. ના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ને રવિવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે.

ગુજકેટ-૨૦૨૫ ના આવેદનપત્ર **ONLINE** ભરવાની તારીખ તથા માહિતી પુસ્તિકા બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર પ્રસિદ્ધ કરવામાં આવશે તે અંગેની જાણ અખબારી યાદી દ્વારા હવે પછીથી કરવામાં આવશે.

## -: ગુજકેટની પરીક્ષા માટે કેટલીક અગત્યની જાણકારી નીચે મુજબ છે :-

- ગુજકેટની પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક દરમિયાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે યોજાશે.
- **GUJCET નો અભ્યાસક્રમ :-**

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક – મશબ/૧૨૧૭/૧૦૩૬/છ તા.૨૫/૧૦/૨૦૧૭ થી શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૯ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની રજીસ્ટ્રેશન થયેલ શાળાઓમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન તેમજ ગણિત વિષયોમાં **NCERT** ના પાઠ્યપુસ્તકનો અમલ કરેલ છે. **NCERT** આધારીત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે બોર્ડ દ્વારા નિયત થયેલ પ્રવર્તમાન અભ્યાસક્રમ **GUJCET**-૨૦૨૫ ની પરીક્ષા માટે રહેશે.

- **GUJCET માટે પરીક્ષા માળખું :-**

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે નીચે મુજબના વિષયના બહુવિકલ્પિય પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો ધરાવતા પ્રશ્નપત્રો રહેશે અને તેની સામે દર્શાવેલ પ્રશ્નો, ગુણ અને સમય રહેશે.

| અ.નં. | વિષય | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ભૌતિકવિજ્ઞાન | ૪૦ | ૪૦ | ૧૨૦ મિનિટ |
| ૨ | રસાયણવિજ્ઞાન | ૪૦ | ૪૦ | |
| ૩ | જીવવિજ્ઞાન | ૪૦ | ૪૦ | ૬૦ મિનિટ |
| ૪ | ગણિત | ૪૦ | ૪૦ | ૬૦ મિનિટ |

ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનનું પ્રશ્નપત્ર સંયુક્ત રહેશે. એટલે કે ૪૦ પ્રશ્નો ભૌતિકવિજ્ઞાનના અને ૪૦ પ્રશ્નો રસાયણવિજ્ઞાનના એમ કુલ ૮૦ પ્રશ્નોના, ૮૦ ગુણ અને ૧૨૦ મિનિટનો સમય આપવામાં આવશે. **OMR Answer Sheet** પણ ૮૦ પ્રત્યુત્તર માટેની રહેશે.

જીવવિજ્ઞાન અને ગણિતનું પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. જે માટેની **OMR Answer Sheet** પણ અલગ આપવામાં આવશે. એટલે કે જીવવિજ્ઞાન અને ગણિતમાં પ્રત્યેકમાં ૪૦ પ્રશ્નોના ૪૦ ગુણ અને ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે. **OMR Answer Sheet** પણ પ્રત્યેક વિષય માટે ૪૦ પ્રત્યુત્તર માટેની રહેશે.

## -: પરીક્ષાનું માધ્યમ :-

- પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં આપવામાં આવશે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ : ૨૩/૦૭/૨૦૨૪
સ્થળ : ગાંધીનગર